ચોમાસામાં ઊગી નીકળેલા ઝાંખરા અને ઘાસ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા

જબુગામના પંચવટી બાગમાં ગંદકી અને જાડી ઝાંખરાનું સામ્રાજ્ય, ગ્રામ પંચાયતના વહીવટ સામે સવાલો

ગ્રામ પંચાયતની બાજુમાં જ સફાઈનો અભાવ, તંત્રની કામગીરી સામે સવાલો

(પ્રતિનિધિ) બોડેલી, તા.૫

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામમાં ગ્રામ પંચાયતની બિલકુલ બાજુમાં આવેલી પંચવટી બાગની સફાઈના અભાવે હાલત બિસ્માર બની છે. દિવાળીના તહેવારો શરૂ થઈ ગયા હોવા છતાં બાગની સફાઈ કરવામાં નહીં આવતાં ગ્રામજનોમાં નારાજગી જોવા મળી રહી છે. ચોમાસા દરમિયાન બાગમાં ઊગી નીકળેલા જાડી ઝાંખરા અને ઘાસનું સામ્રાજ્ય વધતાં બાગ ઉપયોગ માટે યોગ્ય રહી નથી.

જબુગામના નાગરિકો, બાળકો અને વડીલો માટે પંચવટી બાગ એક ઉપયોગી જાહેર સ્થળ છે. નાના બાળકો અહીં રમવા માટે આવે છે, જ્યારે વડીલો અને અન્ય નાગરિકો સવાર-સાંજ બેસવા અને સમય પસાર કરવા માટે બાગનો ઉપયોગ કરે છે. જોકે, હાલ બાગમાં ચારે તરફ ઊગી નીકળેલા ઘાસ અને જાડી ઝાંખરાને કારણે બાળકોને રમવામાં મુશ્કેલી પડી રહી છે. બીજી તરફ વડીલો પણ બેસવા માટે યોગ્ય જગ્યા ન હોવાથી હાલાકી ભોગવી રહ્યા છે.



હાલ દિવાળીના તહેવારોને લઈને ગામમાં ઉત્સાહનો માહોલ છે. લોકો ઘરો અને આસપાસના વિસ્તારોની સફાઈ કરી તહેવારની તૈયારીઓ કરી રહ્યા છે, ત્યારે જાહેર ઉપયોગની પંચવટી બાગની જાળવણી તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. ખાસ વાત એ છે કે આ બાગ ગ્રામ પંચાયતની બિલકુલ બાજુમાં આવેલી હોવા છતાં તેની સફાઈ ન થવી અનેક સવાલો ઊભા કરે છે.

બાગમાં વધતી ગંદકી અને ઝાંખરાને કારણે આ સ્થળની સુંદરતા પણ ખરડાઈ રહી છે. એક સમયે બાળકોના રમતગમત અને વડીલોના વિશ્રામ માટે ઉપયોગી રહેલી બાગ હાલ અવ્યવસ્થાનો ભોગ બની છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, જાહેર બાગની નિયમિત સફાઈ અને જાળવણી થવી જરૂરી છે.

ત્યારે ગ્રામ પંચાયત દ્વારા તાત્કાલિક પંચવટી બાગની સફાઈ કરાવી ઘાસ અને જાડી ઝાંખરા દૂર કરવામાં આવે, તેમજ બાગમાં જરૂરી જાળવણી અને સુવિધાઓ ઊભી કરવામાં આવે તેવી ગ્રામજનોની માગ ઉઠી છે. દિવાળીના તહેવાર પહેલાં બાગને સ્વચ્છ અને સુંદર બનાવવામાં આવે તો બાળકો અને વડીલો સહિત તમામ ગ્રામજનો તેનો લાભ લઈ શકે તેમ છે.

પુનિયાદ-છાણભોઈ માર્ગ પર રેતીથી અકસ્માતનો ભય



(પ્રતિનિધિ) શિનોર, તા. ૫

પુનિયાદ-છાણભોઈ માર્ગ પર છાણભોઈ ગામ નજીક રસ્તાની બાજુમાં ખડકવામાં આવેલી રેતીના ઢગલામાંથી માર્ગ પર પથરાયેલી રેતી વાહનચાલકો માટે જોખમરૂપ બની છે. ચોમાસા પહેલાં કન્સ્ટ્રક્શનનું કામ કરનાર વ્યક્તિ દ્વારા માર્ગની બાજુમાં રેતીનો મોટો જથ્થો ઠાલવવામાં આવ્યો હતો. ત્યારબાદ બાંધકામમાં રેતીનો ઉપયોગ કરી લેવામાં આવ્યો હતો, પરંતુ માર્ગ પર પથરાયેલી રેતીની સફાઈ કરવામાં આવી નથી.

પરિણામે માર્ગ પરથી પસાર થતા ટુ-વ્હીલરચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. ખાસ કરીને રેતીના કારણે બાઈક સ્લીપ થવાની અને ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા છે. આ અંગે તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. કોઈ જાનહાનિ થાય તે પહેલાં જવાબદાર તંત્ર દ્વારા માર્ગ પર પથરાયેલી રેતી તાત્કાલિક દૂર કરાવી સફાઈ કરવામાં આવે તેવી સ્થાનિકોની માગ ઉઠી છે.

દિવાળીના પર્વે જબુગામમાં માટીકામની પરંપરા જીવંત

પ્રજાપતિ સમાજના કોડિયા, કુંડલા-ઘોડાની ખરીદી માટે ભીડ

(પ્રતિનિધિ) બોડેલી, તા.૫

દિવાળીના તહેવારો નજીક આવતાં જ બજારોમાં ખરીદીનો માહોલ જામ્યો છે. છોટાઉદેપુર જિલ્લાના જબુગામ ખાતે પ્રજાપતિ સમાજના કારીગરો દ્વારા પરંપરાગત રીતે તૈયાર કરવામાં આવતી માટીની કલાત્મક વસ્તુઓનું વેચાણ શરૂ થતાં ખરીદી માટે લોકો ઉમટી રહ્યા છે.

કારીગરો દ્વારા આકર્ષક કોડિયા, કુંડલા, માટીના ઘોડા સહિત ધાર્મિક અને પૂજાવિધિમાં ઉપયોગમાં લેવાતી વિવિધ વસ્તુઓ તૈયાર કરવામાં આવી છે. ખાસ કરીને દિવાળીના પર્વમાં ઘરોમાં દીપ પ્રગટાવવા માટે માટીના કોડિયાની ખરીદીનું વિશેષ મહત્ત્વ હોવાથી તેની માગ



જોવા મળી રહી છે. આસપાસનાં ગામોમાંથી પણ લોકો ખરીદી માટે જબુગામ આવી રહ્યા છે.

આધુનિક સમયમાં બજારમાં અનેક પ્રકારની તૈયાર વસ્તુઓ ઉપલબ્ધ હોવા છતાં માટીની પરંપરાગત વસ્તુઓ પ્રત્યે લોકોનો લગાવ યથાવત્ છે. પ્રજાપતિ સમાજના કારીગરો પેઢી દર પેઢી આ કળાને જીવંત રાખી રહ્યા છે. તેમની મહેનત અને કલાત્મક કારીગરીથી તૈયાર થતી વસ્તુઓ માત્ર તહેવારની શોભા વધારતી નથી, પરંતુ સ્થાનિક રોજગારીનું સાધન પણ બની રહી છે. આમ, જબુગામમાં દિવાળીની ખરીદી સાથે પરંપરા અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે.

પાદરાના ડભાસામાં ૨૪ વર્ષીય યુવક રહસ્યમય સંજોગોમાં ગુમ

પત્નીને વીડિયો કોલ કરી 'છેલ્લું મોઢું જોવું છે' કહેતાં પરિવારજનો ચિંતિત

(પ્રતિનિધિ) પાદરા, તા. ૫

પાદરા તાલુકાના ડભાસા ગામના વાળંદ ફળિયામાં રહેતો 24 વર્ષીય યુવક રહસ્યમય સંજોગોમાં ગુમ થતાં ચકચાર મચી છે. ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળ્યા બાદ યુવકે પત્નીને વોટ્સએપ વીડિયો કોલ કરી 'મારે તારું છેલ્લું મોઢું જોવું છે' તેમ કહેતાં પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. યુવકનો કોઈ પત્તો નહીં લાગતાં પિતાએ પાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, રમેશભાઈ મેલાભાઈ વાળંદનો પુત્ર ચિરાગકુમાર રમેશભાઈ વાળંદ (ઉ.વ. 24) ગત 19 ઓક્ટોબર 2026ના રોજ સાંજે 6:30 વાગ્યે ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર નીકળી ગયો હતો. ત્યારબાદ રાત્રે 9:30 વાગ્યે તેણે પત્ની તમન્નાને વોટ્સએપ વીડિયો કોલ કર્યો હતો અને છેલ્લું મોઢું જોવાની વાત કહી ફોન કટ કરી દીધો હતો.

પરિવારજનોએ સગાં-સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી, પરંતુ યુવકનો પત્તો લાગ્યો નહોતો. આખરે પિતાએ પોલીસને જાણ કરતાં પાદરા પોલીસે અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મીમ-સીટીના ૧૧ પરિવારોને સાત વર્ષે મકાનના દસ્તાવેજ મળ્યા

ડભોઈ પોલીસની સરાહનીય કામગીરી - ૭ વર્ષથી ઘરનું સપનું જોઈ રહેલા ૧૧ પરિવારોને મળ્યો ન્યાય

(પ્રતિનિધિ) ડભોઈ, તા.૫

વડોદરા જિલ્લા પોલીસ દ્વારા લોકોના પ્રશ્નોના ઉકેલ માટે હાથ ધરવામાં આવેલી કામગીરીમાં વધુ એક સફળતા મળી છે. ડભોઈ તાલુકાના પલાસવાડા સ્થિત મીમ-સીટી પ્રોજેક્ટમાં જમીન માલિક અને ડેવલપર વચ્ચેના વિવાદને કારણે 11 પરિવારો છેલ્લા સાત વર્ષથી પોતાના મકાનના દસ્તાવેજ મેળવવા માટે રાહ જોઈ રહ્યા હતા. આખરે ડભોઈ પોલીસની મધ્યસ્થીથી આ પરિવારોને ન્યાય મળ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આ પ્રોજેક્ટમાં 11 પરિવારોએ મકાનની સંપૂર્ણ રકમ ચૂકવી દીધી હોવા છતાં જમીન માલિક અને



ડેવલપર વચ્ચેના વિવાદના કારણે તેમના નામે દસ્તાવેજ થઈ શક્યા નહોતા. પરિણામે પરિવારોને સાત વર્ષ સુધી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ અંગે રજૂઆત મળતાં ડભોઈ પોલીસે બંને પક્ષો સાથે સંકલન અને મધ્યસ્થી કરી વિવાદનો ઉકેલ લાવવા પ્રયાસ કર્યો હતો. જેના પરિણામે તમામ 11 મકાનોના દસ્તાવેજ કરાવવામાં સફળતા મળી હતી.

ગાંધીનગર ખાતે યોજાયેલા 'તેરા તુજકો અર્પણ' અભિયાનના કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 11 લાભાર્થી પરિવારોને કુલ રૂ.3.30 કરોડની કિંમતના મકાનોના દસ્તાવેજ સોંપવામાં આવ્યા હતા. આમ, પોલીસની પહેલથી 11 પરિવારોનું સાત વર્ષ જૂનું પોતાના ઘરનું સપનું સાકાર થયું છે.

દિવાળીમાં સુરક્ષા માટે પોલીસનું માર્ગદર્શન કાર્યક્રમ

દિવાળીના તહેવારને લઈ વડોદરા પોલીસનો તહેવારોનો ઉમંગ સુરક્ષાની સંગ કાર્યક્રમ યોજાયો

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં હરણી-સમા લિંક રોડ પર આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.૫

દિવાળીના તહેવારો દરમિયાન આગની દુર્ઘટનાઓ અને અકસ્માતો અટકાવવા તથા નાગરિકો સુરક્ષિત વાતાવરણમાં ઉજવણી કરી શકે તે હેતુથી વડોદરા શહેર પોલીસ દ્વારા 'તહેવારોનો ઉમંગ, સુરક્ષાની સંગ' કાર્યક્રમ યોજાયો હતો.

હરણી-સમા લિંક રોડ સ્થિત પી.જી. બેન્ક્વેટ હોલ ખાતે પોલીસ કમિશનર નરસિમ્હા



કોમારની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં અધિક પોલીસ કમિશનર નિલેશ જાજડીયા, ડૉ. સુધીર દેસાઈ, તમામ નાયબ અને મદદનીશ પોલીસ કમિશનરો તેમજ પોલીસ ઈન્સ્પેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. એસ.એસ.જી. હોસ્પિટલના ડૉ. હિમ્મતભાઈ નિસરતા પણ જોડાયા હતા.

કાર્યક્રમમાં પોલીસ કમિશનરે દિવાળી દરમિયાન ફાયર સેફ્ટી અંગે શું કરવું અને શું ન કરવું તેની સમજ આપી હતી. જાહેર સ્થળોએ અવ્યવસ્થા ન સર્જાય અને કોઈની સલામતી જોખમાય નહીં તે રીતે ફટાકડા ફોડવા અંગે નાગરિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તહેવારોની ખુશી સાથે જાહેર સલામતી જાળવવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

કુલપતિએ ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફને અભિનંદન પાઠવ્યા

ઓલ ઈન્ડિયા મલખંભ ચેમ્પિયનશિપમાં MSU બરોડાનો ડંકો, પોલ પિરામિડમાં પ્રથમ સ્થાન

રાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી વડોદરાનું ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.૫

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) બરોડાની મલખંબ ટીમે રાષ્ટ્રીય સ્તરે શાનદાર પ્રદર્શન કરીને યુનિવર્સિટી અને વડોદરાનું ગૌરવ વધાર્યું છે. રાજસ્થાનની યુનિવર્સિટી ઓફ કોટા ખાતે તા. 28થી 30 ઓક્ટોબર દરમિયાન યોજાયેલી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી મલખંબ ચેમ્પિયનશિપમાં MSUની ટીમે પોલ મલખંબ પિરામિડ વિભાગમાં પ્રથમ સ્થાન મેળવી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે.



આ સ્પર્ધામાં કેપ્ટન કૃતપાલસિંહ બિહોલા સહિત યશ પાટીલ, રાજીવ, દેવેન્દ્ર, કરણ અને યશીશનો સમાવેશ થતો હતો. ટીમના કોચ તરીકે પાર્થ કંસારા, ગેમ કો-ઓર્ડિનેટર તરીકે શીતલ શેઠ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામક તરીકે ડો. હરજીત કૌરે માર્ગદર્શન આપ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિએ ટીમના તમામ ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી હતી. આ સફળતાથી MSU બરોડાના રમતગમત ક્ષેત્રે યોગદાનમાં વધુ એક ગૌરવપૂર્ણ પ્રકરણ ઉમેરાયું છે.

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજનું યુવક-યુવતી પરિચય સંમેલન યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૫

શ્રી અખિલ ભારતીય ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ, વડોદરા દ્વારા યુવક-યુવતી પરિચય સંમેલન, વાર્ષિક સામાન્ય સભા અને સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. વાઘોડિયા-ડભોઈ રિંગ રોડ સ્થિત અતિથિ બેન્ક્વેટ ખાતે યોજાયેલા પરિચય સંમેલનમાં 56 યુવકો અને 24 યુવતીઓ સહિત કુલ 80 યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

સયાજીગંજના વાકળ સેવા કેન્દ્ર ખાતે યોજાયેલા સ્નેહમિલનમાં 500થી વધુ સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વર્ષ 2025-26નો વાર્ષિક અહેવાલ રજૂ કરાયો હતો. સમાજના વિકાસમાં યોગદાન આપનાર સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક



ક્ષેત્રે પ્રોત્સાહન આપવા 158 તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરાયા હતા.

માર્ચ 2027માં ટ્રસ્ટી મંડળ અને કારોબારીની મુદત પૂર્ણ થતી હોવાથી નવા હોદ્દેદારો માટે સભ્યોને નામ નોંધાવવા આહ્વાન કરાયું હતું. સમાજની એકતા અને પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમાજના મંત્રી દિલીપ ગુર્જરે કર્યું હતું.

મહાપુરાના ખેડૂતોના કલેક્ટર કચેરીએ ધરણા, પોલીસે અટકાયત કરી

પાવર ગ્રીડની હાઈટેન્શન લાઈનના વળતરમાં ભેદભાવનો આક્ષેપ

(પ્રતિનિધિ) ભરૂચ, તા. ૫

જંબુસર તાલુકાના મહાપુરા ગામમાંથી પસાર થતી પાવર ગ્રીડની હાઈટેન્શન વીજ લાઈનના જમીન વળતરમાં ભેદભાવ થતો હોવાના આક્ષેપ સાથે ખેડૂતોએ ભરૂચ કલેક્ટર કચેરી ખાતે અનિશ્ચિત મુદતના ધરણાં શરૂ કર્યા હતા. જોકે, પૂર્વ મંજૂરી વિના ધરણાં યોજાતા ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસે ખેડૂતોની અટકાયત કરી હતી.

ખેડૂતોના જણાવ્યા મુજબ, એક જ પ્રોજેક્ટમાં માંગરોળ ગામના ખેડૂતોને પ્રતિ ચોરસ મીટર રૂ.3,300 વળતર નક્કી કરાયું છે, જ્યારે મહાપુરા અને ઈંગરલા



ગામના ખેડૂતોને માત્ર રૂ.1,100થી રૂ.1,200 ચૂકવવાનું નક્કી થયું છે. મહાપુરાની જંત્રી માંગરોળ કરતાં રૂ.100 વધુ હોવા છતાં ઓછું વળતર નક્કી કરાયું હોવાનો ખેડૂતોનો આક્ષેપ છે.

ખેડૂતોએ અગાઉ પ્રાંત અધિકારી અને કલેક્ટરને રજૂઆત કરી પ્રતિ ચોરસ મીટર રૂ.2,000થી રૂ.2,500 વળતર આપવાની માગ કરી હતી. ઉકેલ નહીં આવતાં ધરણાં શરૂ કર્યાં હતાં. અટકાયત બાદ ખેડૂતોએ તમામ અસરગ્રસ્ત ગામોને એકસમાન વળતર નહીં મળે તો આંદોલન ઉગ્ર બનાવવાની ચીમકી આપી હતી.

ચેક બાઉન્સમાં એક વર્ષની કેદ, રૂ.૧૩.૭૬ લાખનું વળતર ફટકાર્યું

(પ્રતિનિધિ) કાલોલ, તા. ૫

કાલોલની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ચેક બાઉન્સ કેસમાં ગોધરાના ઈરફાન ઐયુબ ઓચુને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી રૂ.13,76,145નું વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. આરોપી કાલોલના દેલોલ સ્થિત ચામુંડા પેટ્રોલિયમમાંથી ઉધારમાં પેટ્રોલ-ડીઝલ ભરાવતો હતો. બાકી રૂ.9,17,430ના ચુકવણા પેટે આપેલો બેંક ઓફ બરોડાનો ચેક બેલેન્સના અભાવે બાઉન્સ થયો હતો. કાનૂની નોટિસ બાદ પણ નાણાં નહીં ચૂકવતાં વર્ષ 2018માં એડવોકેટ પી.પી. સોલંકી મારફતે ફરિયાદ થઈ હતી. કોર્ટમાં ગેરહાજર રહેતાં આરોપી સામે સજાનું વોરંટ પણ જારી કરાયું હતું.

જાહેર નોટીસ

અરજદાર તર્ફે વિ.વ. ઈમરાન એન.મલેક

મે. કરજણના ચીફ.જ્યુડી.મેજી જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. કરજણ.

જ.મ.પ.અ.નં. ૩૧૮/૨૦૨૬ મુદત તા. ૨૫-૧૧-૨૦૨૬

અરજદાર : માલા યાકુબ ઇસમાઈલ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી (૧) મે. મામલતદાર સાહેબશ્રી, (૨) તલાટી કમંત્રીશ્રી, વલણ ગ્રામ પંચાયત.

આપી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદાર "માલા યાકુબ ઇસમાઈલ" નો જન્મ મોજે ગામ વલણ, તા. કરજણ, જી. વડોદરા મુકામે તા. ૦૧/૦૬/૧૯૫૮ નારોજ થયેલ હોય પરંતુ જે તે સમયે તેઓના જન્મની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી વલણ ગ્રામ પંચાયતની કચેરીના દફતરે કરાવવાની રહી ગયેલ હોય, જન્મની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે આ અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦-દિવસ સુદીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો, અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૪-૧૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (કે.વી.ઓડેદરા) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર (બી.ડી.જોષી) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — રજીસ્ટ્રાર કમ નાઝર, સીવીલ કોર્ટ, કરજણ

કો.પ.અ.નં.482/2026 — જાહેર નોટીસ — મુદ્દત તારીખ : 07-11-2026

ઝાલોદના બીજા એડી.ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટની કોર્ટમાં મુ. ઝાલોદ

અરજદારના વ.શ્રી.એ.એમ.વસૈયા

અરજદાર શનુભાઇ બચુભાઇ રહે. ધોળાખાખરા તા. ગોવિંદગુરુ લીમડી જિ. દાહોદ

સામાવાળા તલાટી કમ મંત્રી રહે.ગ્રૂપ ગ્રામ પંચાયત ધોળાખાખરા તા. ગોવિંદગુરુ લીમડી જિ. દાહોદ

બાબત : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-1969ની કલમ 13(3) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઇસમોને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર ઋતુરાજભાઇ શનુભાઇ ડામોરનો **જન્મ તા.16-12-2020ના** રોજ ધોળાખાખરા મુકામે તા.ગોવિંદગુરુ લીમડી જિ. દાહોદ અમારા ઘરે થયેલ છે. જેતે સમયે કાયદાની અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેના પુત્રના જન્મની નોંધણી સામાવાળા ત.ક. મંત્રીના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ હાલમાં તેઓના પુત્રના અભ્યાસ તથા તેઓએ રેકર્ડ તપાસી તા.08-09-2026ના રોજ એવો દાખલો લખી આપેલ કે તેમના પુત્રનું નામ જન્મ રજિસ્ટરમાં નોંધાયેલ નથી. જેથી જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.482/2026થી દાખલ કરેલ છે. સદરહુ જન્મનો દાખલો અરજદારે આપવા સામે જે કોઇ ઇસમો કે લગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તા.07-11-2026ના રોજ સવારના 10-30 કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજૂ કરવા. જો તેમ કરવામાં કસૂર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ 05 માહે નવેમ્બર સને 2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એસ.બી.બામણીયા) આસિસ્ટન્ટ — મુકાબલ કરનાર (એસ.કે. ડામોર) શિરેસ્તેદાર — કોર્ટનો સિક્કો — હુકમથી (જી.જી. પટેલ) રજિસ્ટાર એડી.ચીફ જ્યુડિ.મેજિ. કોર્ટ ઝાલોદ

જાહેર નોટીસ

મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, સીંગવડ

આઈ.ટી.આઈ., રંધીકપુર, સીની પાછળ.સી.એચ., સીંગવડ, જી.દાહોદ.

નંબર.એમએજી/જન્મ/મરણ નોંધણી/વશી. /૨૦૨૬ તા. / /૨૦૨૬

અરજદાર: બારીયા સુભાષભાઇ નરવતભાઇ, રહે. રણધીકપુર, તા. સંગવડ, જી. દાહોદ.

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, રણધીકપુર, તા. સંગવડ, જિ. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) હેઠળની અરજી અન્વયે

જન્મ-મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્રી નામે બારીઆ અપેક્ષાબેનનો જન્મ તા. ૨૭-૦૫-૨૦૦૮ સને ૨૦૦૮ ના રોજ મુ. રણધીકપુર તા. સીંગવડ, જી. દાહોદ મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણીની મુદત તા. ૪-૧૧-૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સીંગવડની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રીએ તેઓની અરજીમાં કરેલ રજૂઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજૂ કરવાના હોય તથા જે કોઈ સાહેદોને રજૂ કરવા ઇચ્છતા હોય તો સાથે હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઇસમના જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ રજીસ્ટ્રાર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ :- જન્મ તારીખની સચોટ માહિતી સાથે હાજર રહેવું.

(કોર્ટનો સિક્કો) — એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સીંગવડ

કો.પ.અ.નં.465/2026 — જાહેર નોટીસ — મુદ્દત તારીખ : 07-11-2026

ઝાલોદના બીજા એડી.ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટની કોર્ટમાં મુ. ઝાલોદ

અરજદારના વ.શ્રી.એ.એમ.વસૈયા

અરજદાર તાવિયાડ અમીતભાઇ રસિયાભાઇ રહે.ગુંદી ફળિયું ચાકલીયા તા. ગોવિંદગુરુ લીમડી જિ. દાહોદ

સામાવાળા તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત કચેરી ચાકલીયા તા. ગોવિંદગુરુ લીમડી જિ. દાહોદ

બાબત : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-1969ની કલમ 13(3) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઇસમોને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી તાવીયાડ દેવાંશીબેન અમીતભાઇનો **જન્મ તા.08-09-2023ના** રોજ ચાકલીયા મુકામે તા.ગોવિંદગુરુ લીમડી જિ. દાહોદ અમારા ઘરે થયેલ છે. જેતે સમયે કાયદાની અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેના પુત્રીના જન્મની નોંધણી સામાવાળા ત.ક. મંત્રીના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ હાલમાં તેઓના પુત્રીના અભ્યાસ તથા તેઓએ રેકર્ડ તપાસી **તા.08-09-2026ના** રોજ એવો દાખલો લખી આપેલ કે તેમના પુત્રીનું નામ જન્મ રજિસ્ટરમાં નોંધાયેલ નથી. જેથી જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.465/2026થી દાખલ કરેલ છે. સદરહુ જન્મનો દાખલો અરજદારે આપવા સામે જે કોઇ ઇસમો કે લગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તા.07-11-2026ના રોજ સવારના 10-30 કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજૂ કરવા. જો તેમ કરવામાં કસૂર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ 05 માહે નવેમ્બર સને 2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એસ.બી.બામણીયા) આસિસ્ટન્ટ — મુકાબલ કરનાર (એસ.કે. ડામોર) શિરેસ્તેદાર — કોર્ટનો સિક્કો — હુકમથી (જી.જી. પટેલ) રજિસ્ટાર એડી.ચીફ જ્યુડિ.મેજિ. કોર્ટ ઝાલોદ

કો.પ.અ.નં.471/2026 — જાહેર નોટીસ — મુદ્દત તારીખ : 07-11-2026

ઝાલોદના બીજા એડી.ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટની કોર્ટમાં મુ. ઝાલોદ

અરજદારના વ.શ્રી.એ.એમ.વસૈયા

અરજદાર દામા હવસીંગભાઇ કમજીભાઇ રહે.થાણા ફળિયુ, જૂના ચાકલીયા તા.ઝાલોદ જિ. દાહોદ

સામાવાળા તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત કચેરી ચાકલીયા તા. ઝાલોદ જિ. દાહોદ

બાબત : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-1969ની કલમ 13(3) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઇસમોને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર દામા નિલેશકુમાર હવસીંગભાઇનો જન્મ **તા.24-12-1997ના** રોજ ચાકલીયા મુકામે તા.ઝાલોદ જિ. દાહોદ અમારા ઘરે થયેલ છે. જેતે સમયે કાયદાની અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેના પુત્રના જન્મની નોંધણી સામાવાળા ત.ક. મંત્રીના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ હાલમાં તેઓના પુત્રના અભ્યાસ તથા તેઓએ રેકર્ડ તપાસી **તા.08-09-2026ના** રોજ એવો દાખલો લખી આપેલ કે તેમના પુત્રનું નામ જન્મ રજિસ્ટરમાં નોંધાયેલ નથી. જેથી જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.471/2026થી દાખલ કરેલ છે. સદરહુ જન્મનો દાખલો અરજદારે આપવા સામે જે કોઇ ઇસમો કે લગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તા.07-11-2026ના રોજ સવારના 10-30 કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજૂ કરવા. જો તેમ કરવામાં કસૂર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ 05 માહે નવેમ્બર સને 2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એસ.બી.બામણીયા) આસિસ્ટન્ટ — મુકાબલ કરનાર (એસ.કે. ડામોર) શિરેસ્તેદાર — કોર્ટનો સિક્કો — હુકમથી (જી.જી. પટેલ) રજિસ્ટાર એડી.ચીફ જ્યુડિ.મેજિ. કોર્ટ ઝાલોદ